| | |
|---|---|
| RECEIVED ON | 21-11-2022 |
| REGISTERED ON | 21-11-2022 |
| DECIDED ON | 08-12-2022 |

| DURATION | | |
|---|---|---|
| YEAR: | MONTH: | DAYS: |



सत्यमेव जयते

**નામદાર શ્રી ત્રીજા અધિક સેશન્સ જજ અને સ્પેશ્યલ (NDPS) જજ સાહેબની અદાલતમાં, ભુજ –કચ્છ.**

**ફો.પર.અરજી નં 1366/2022**

**Ex.:**

**દિપક અશોક કીંગર,**
ઉ.વ.:૪૦, ધંધો: મજુરી,
રહે: વસંત વિહાર, કોટન મીલ પાસે,
રેલ્વે રોડ, મલેર કોટલા,સંગરૂર,
પંજાબ.
**(હાલમાં જ્યુડીશીયલ કસ્ટડીમાં) ::: અરજદાર/આરોપી**

**V/s.**

**શ્રી સરકાર**
મારફતે :
જીલ્લા સરકારી વકિલશ્રી,
ભુજ–કચ્છ **::: સામાવાળા**

**વચગાળાના જામીન ઉપર મુકત કરવાની અરજી .**

એ.ટી.એસ.પોલીસ સ્ટેશન ગુના રજી. નં. થર્ડ–૪/૨૦૨૨, એન.ડી.પી.એસ. એકટની કલમ– ૮(સી),૨૧(સી),૨૩(સી),૨૯ મુજબ

**–:: જ જ મે ન્ટ ::–**

**તા: ૦૮/૧૨/૨૦૨૨**

**૦૧.** હાલની અરજી અરજદાર દ્વારા જ્યુડીસીયલ કસ્ટડીમાંથી વચગાળાના જામીન ઉપર મુક્ત થવા અર્થે કરવામાં આવેલી છે. અરજદાર /આરોપી સામે એ.ટી.એસ.પોલીસ સ્ટેશન ગુના રજી. નં. થર્ડ–૪/૨૦૨૨, એન.ડી.પી.એસ. એકટની કલમ– ૮(સી),૨૧(સી),૨૩(સી),૨૯ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**૦૨.** અરજદાર/આરોપી તરફે હાલની અરજી કરી દિન–૩૦ માટે વચગાળાની જામીન મંજુર કરવા અરજ કરેલ છે. જેમા તેમણે રજુઆત કરેલ છે કે, તેઓ છેલ્લા ચાર માસથી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીની પત્નિને ગર્ભાશયમાં અસહય પીડા અને શ્વાસ લેવામાં તકલીફ થતી હોઈ જેથી ખાનગી હોસ્પીટલમાં સારવાર લેવા માટે દિન–૩૦ ના વચગાળાના જામીન મંજુર કરવા અરજ કરેલ છે. તેઓ એ તેમની અરજીનાં સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી જરૂરી મેડીકલ પેપર્સ રજુ રાખેલ છે.

**૦૩.** સરકાર પક્ષે વિ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે,આ કામનાં અરજદાર/આરોપી સામે એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી),૨૧(સી),૨૩(સી),૨૯ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામનાં અરજદાર/ આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. જેથી આ તબકકે જો વચગાળાના જામીન મંજુર કરવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસની તપાસને નુકશાન થાય તેવી શકયતા રહેલી છે.

**૦૫.** બંને પક્ષોની રજુઆત તેમજ ઉપરોકત હકીકતોને ઘ્યાને લેતા અરજદાર/આરોપી તરફે વચગાળાના દિન–૩૦ માટે તેમની પત્નિની સારવાર કરાવવા માટેના વચગાળાની જામીનની માંગણી કરવામાં આવેલ છે. આ અનુસંધાને અરજદાર/આરોપી સામેના ગુનાના આક્ષેપને જોવામાં આવે તો એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી),૨૧(સી), ૨૩(સી),૨૯ મુજબનો છે.

ફરીયાદની હકીકત જોવામાં આવે તો, બહુ જ મોટા જથ્થામાં માદક પદાર્થ હેરોઈન મંગાવવામાં આવેલ હોય તેમ જણાય છે. આ માદક પદાર્થ જે રીતે મંગાવવામાં આવેલ છે તે જોવામાં આવે તો મીણીયાના થેલાઓમાં કાપડના રોલ ૬૩ પાઈપો મળી આવેલ અને આ પાઈપોની અંદર ખાખી કલરના પુંઠાની પાઈપ જેની ઉપર વાદળી કાર્બન પેપર લગાડેલ તે પાઈપ અને પારદર્શક પ્લાસ્ટીકની પાઈપ વચ્ચેની જગ્યામાં માદક પદાર્થ હેરોઈનનો જથ્થો ભરેલ હતો. આમ ખુબજ આયોજન પુર્વક માદક પદાર્થ મંગાવવામાં આવેલ હોય તેવુ જણાઈ આવે છે.

પોલીસ પેપર્સ જોવામાં આવે તો કુલ ૭૫ કિલો ૩૦૦ ગ્રામનો હેરોઈનનો જથ્થો અરજદાર/આરોપી એ મંગાવેલ છે. આમ જે જથ્થામાં મુદામાલ માદક પદાર્થ મળી આવેલ છે તે જથ્થો જોતા પણ ગુનાની ગંભીરતામાં વધારે કરે છે. વધુમાં જયારે વાણીજયક જથ્થો

અરજદાર/આરોપી એ મંગાવેલ હોવાનુ પોલીસ પેપર્સ જોતા જણાઇ આવે છે ત્યારે સદરહુ કાયદાની કલમ- ૩૭ ને જોવામાં આવે તો પણ અરજદાર/આરોપીને જામીન મુકત કરવાનું ન્યાયી જણાતું નથી.

અરજદાર/આરોપી એ જે કારણોસર વચગાળાના જામીની માંગણી કરેલ છે તે સંદર્ભે તપાસ કરનાર અમલદાર તરફે આંક-૭ થી રજુ કરવામાં આવેલ રીપોર્ટ વંચાણે લેતા અરજદાર/આરોપી ના ભાઈ તેમજ પિતા અને અન્ય પરીવારજનોની હાજરી ઉપલબ્ધ છે અને જો અરજદાર/ આરોપીને વચગાળાના જામીન આપવામાં આવશે તો તે ભાગી જવાની પુરી શકયતા રહેલી છે.

**૦૬.** આમ,અરજદાર/આરોપી સામેના આક્ષેપીત ગુનાને જોવામાં આવે તો તે સમાજ ને અસરકર્તા અને ગંભીર પ્રકારનો છે તેવા સંજોગોમાં હાલ જયારે ગુનાની તપાસ ચાલુમાં છે ત્યારે અરજદાર/આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવાનું ન્યાયી અને ઉચિત જણાતું ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

**૦૧.** અરજદાર/આરોપી **દિપક અશોક કીંગર,**ઉ.વ.:૪૦, ધંધો: મજુરી, રહે: વસંત વિહાર, કોટન મીલ પાસે,રેલ્વે રોડ, મલેર કોટલા,સંગરૂર, પંજાબ. ( હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાં) નાઓની એ.ટી.એસ.પોલીસ સ્ટેશન ગુના રજી. નં. થર્ડ-૪/૨૦૨૨, એન.ડી. પી.એસ. એકટની કલમ- ૮(સી),૨૧(સી),૨૩(સી),૨૯ મુજબના કામે વચગાળાની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ આઠમી, માહે:ડિસેમ્બર, સને: ૨૦૨૨ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૮/૧૨/૨૦૨૨.
ભુજ-કચ્છ.
"RPGOR"

**( ચિરાગકુમાર હસમુખલાલ શાહ )**
GJ00641
સ્પેશ્યલ ( NDPS ) જજ,
ભુજ - કચ્છ.